# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)
# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટનં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

નં. એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૦/૧૯૨૯ તા.૨૮/૦૫/૨૦૨૦

## પરિપત્ર : ૨૦૫૮

વિષય : શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦૨૦ ની પરીક્ષાઓ બાબત..

સંદર્ભ: (૧) શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનો તા.૨૪/૦૫/૨૦૨૦ નો ઠરાવ ક્રમાંક: કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧

(૨) શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનો તા.૨૬/૦૫/૨૦૨૦ નો સુધારા ઠરાવ ક્રમાંક: કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન, શિક્ષણ અને કાયદા વિદ્યાશાખાની તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ, ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓ, સંસ્થાઓના વડાશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારશ્રી દ્વારા ઉપરોક્ત સંદર્ભ દર્શિત ઠરાવોથી રાજ્યની સરકારી યુનિવર્સિટીઓને પરીક્ષા સંદર્ભે જરૂરી સૂચનો પૂરા પાડવામાં આવેલ છે. જે ધ્યાને લઈ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી દ્વારા બી.એ., બી.કોમ., બી.એસસી., એલએલ.બી., બી.સી.એ., બી.એસ.ડબ્લ્યુ. અભ્યાસક્રની સેમેસ્ટર-૬ ની, બી.એડ્. અભ્યાસક્રમની સેમેસ્ટર-૪ ની તથા એમ.એ., એમ.કોમ., એમ.એસસી., એમ.એડ્., એમ.એસ.ડબ્લ્યુ, એલએલ.એમ. અભ્યાસક્રમની સેમેસ્ટર-૨ અને સેમેસ્ટર-૪ ની પરીક્ષાઓ આગામી તા.૨૫/૦૬/૨૦૨૦ થી શરુ થશે. આ પરીક્ષાઓના સમયપત્રક હવે પછી જાહેર કરવામાં આવશે જેની નોધ લેવા અને તે મુજબ આયોજન કરવા, તૈયારીઓ હાથ ધરવા અને સંબંધિત વિદ્યાર્થીઓને આ અંગે માહિતગાર કરવા વિનંતી છે.

કા. કુલસચિવ<br>
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,<br>
ગોધરા.

બિડાણ : સંદર્ભ દર્શિત ઠરાવો.

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન, શિક્ષણ અને કાયદા વિદ્યાશાખાની તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ, ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓ, સંસ્થાઓના વડાશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
- સંબંધિત વિદ્યાર્થીઓ તરફ જાણ સારું.

COVID-19 ની મહામારીને અનુલક્ષીને રાજયની કોલેજ/યુનિવર્સિટી માટેની પરીક્ષાઓનું આયોજન કરવા, આગામી શૈક્ષણિક વર્ષની પ્રવેશ પ્રકિયા અને શૈક્ષણિક કાર્ય શરૂ કરવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૪/૦૫/૨૦૨૦

આમુખ:

COVID-19 ની મહામારીને નિયંત્રણમાં લાવવા માટે દેશમાં લોકડાઉન જાહેર કરવામાં આવેલ છે. કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા માટે ભારત સરકાર અને રાજ્ય સરકાર દ્વારા વખતોવખત માર્ગદર્શક સુચનાઓ આપવામાં આવી છે જેને અનુલક્ષીને સોશિયલ ડિસ્ટન્સીંગની સુચનાઓ પાલન કરવાના હેતુથી હાલમાં કોલેજ/યુનિવર્સિટીનું શૈક્ષણિક કાર્ય હાલમાં સંપૂર્ણપણે બંધ છે. COVID-19 ની મહામારીને ધ્યાને રાખીને કોલેજ/યુનિવર્સિટીઓની પરીક્ષાઓ તેમજ આગામી શૈક્ષણિક વર્ષ માટે પ્રવેશ પ્રકિયા અને શૈક્ષણિક કાર્ય શરૂ કરવા સંબંધે U.G.C ના તા.૨૯.૦૪.૨૦૨૦ના પત્રથી માર્ગદર્શક સુચનાઓ પરિપત્રિત કરવામાં આવી છે. આ તમામ હકીકતોને ધ્યાનમાં લઇને ગુજરાત રાજયની કોલેજ/યુનિવર્સિટી માટેની પરીક્ષાઓનું આયોજન કરવા અને આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ની પ્રવેશ પ્રકિયા તથા શૈક્ષણિક કાર્ય શરૂ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

કાળજીપૂર્વકની વિચારણાના અંતે રાજયની કોલેજ/યુનિવર્સિટી માટેની પરીક્ષાઓનું આયોજન કરવા અને આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ની પ્રવેશ પ્રકિયા તથા શૈક્ષણિક કાર્ય શરૂ કરવા નીચે પ્રમાણેની સુચનાઓ ઠરાવવામાં આવે છે.

I EXAMINATION (પરીક્ષા)

૧. યુ.જી.સીની ગાઇડલાઇન પ્રમાણે U.G કોર્સિસ/પ્રોગ્રામ અંગેની ટર્મિનલ/ફાઇનલ સેમિસ્ટર/વર્ષની પરીક્ષાઓ તા.૨૫.૦૬.૨૦૨૦થી લેવાની રહેશે તેમજ P.G કોર્સિસ/પ્રોગ્રામ અંગેની પ્રથમ વર્ષ તથા ટર્મિનલ/ફાઇનલ સેમિસ્ટર/વર્ષની પરીક્ષાઓ તા.૨૫.૦૬.૨૦૨૦થી

લેવાની રહેશે આ પરીક્ષાઓ દરમિયાન માસ્ક, સોશિયલ ડિસ્ટન્સીંગ અને સેનિટાઇઝરનો ઉપયોગ કરવા અંગેની માર્ગદર્શક સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨. પરીક્ષાનો સમયગાળો ત્રણ કલાકના બદલે બે કલાકનો રાખવાનો રહેશે. અને જરૂર જણાયે મલ્ટીપલ શિફ્ટમાં પરીક્ષા લેવાની રહેશે. પરીક્ષા લેવાની કામગીરી માટે તાલુકા કક્ષાએ/સ્થાનિક કક્ષાએ પરીક્ષાના કેન્દ્રો ગોઠવવાના રહેશે.

૩. COVID-19 ની મહામારીની પરિસ્થિતિ સામાન્ય ન થાય અને સોશિયલ ડિસ્ટન્સીંગની માર્ગદર્શક સુચનાઓનું પાલન ન કરી શકાય તે સંજોગોમાં ઇન્ટરમિડિએટ સેમિસ્ટર ૨,૪,૬ ના વિધાર્થીઓ માટે ૫૦% ગુણ આંતરિક મૂલ્યાંકનના આધારે અને બાકીના ૫૦% ગુણ તરત અગાઉના(Previous) સેમિસ્ટરના આધારે આપવાના રહેશે. આ યોજનાને Merit Based Progression નામ આપવામાં આવશે. વધુમાં, યુ.જી.સીની ગાઇડલાઇનને ધ્યાને લઇને નીચે પ્રમાણે મૂલ્યાંકન કરી શકાશે.

દાખલા તરીકે યુનિવર્સિટીમાં આંતરિક મૂલ્યાંકનના ૩૦ ગુણ છે તેમાથી વિધાર્થીએ ૨૦ ગુણ મેળવેલ હોય અને તરત અગાઉના(Previous) સેમિસ્ટરના યુનિવર્સિટી પરીક્ષાના ૧૦૦ ગુણમાંથી તે વિધાર્થીએ ૭૦ ગુણ મેળવેલ હોય તેવા કિસ્સામાં નીચે મુજબ માર્કસની ગણતરી કરવાની રહેશે.

| | | | |
|---|---|---|---|
| આંતરિક મૂલ્યાંકનના ૫૦% ગુણની ગણતરી | કુલ ગુણ ૫૦ | આંતરિક મૂલ્યાંકન ૩૦માંથી મળેલ ગુણ દા.ત.૨૦ ગુણ | આંતરિક મૂલ્યાંકનના કુલ ગુણ એટલે ૨૦/૩૦ ના ૫૦% = ૫૦X૨૦/૩૦ =૩૩.૩૩ ગુણ |
| તરત અગાઉના(Previous) સેમિસ્ટરના ૫૦% ગુણની ગણતરી | કુલ ગુણ ૫૦ | કુલ ગુણ ૧૦૦માંથી મળેલ ગુણ દા.ત.૭૦ ગુણ | તરત અગાઉના(Previous) સેમિસ્ટરના કુલ ગુણ એટલે કે ૭૦ના ૫૦%=૩૫ ગુણ |
| વિધાર્થીને મળવાપાત્ર ગુણ | કુલ ગુણ ૧૦૦ | | ૩૩.૩૩+૩૫= ૬૮.૩૩ ગુણ =૬૮ ગુણ (પૂર્ણાંકમાં ગણતા) |

જો પ્રાયોગિક પરીક્ષા લેવામાં આવેલ ન હોય તો તેના ગુણની ગણતરી પણ ઉપર દર્શાવ્યા મુજબ કરવાની રહેશે. જો પ્રાયોગિક પરીક્ષા લેવાઇ ગયેલ હોય તો તે પરીક્ષામાં મેળવેલ ખરેખર ગુણ ધ્યાને લેવાના રહેશે.

(a) અગાઉના સેમિસ્ટર અથવા વર્ષના ગુણ ઉપલબ્ધ ન હોય તેવા સંજોગોમાં જેમાં વાર્ષિક પરીક્ષાઓ યોજાય છે તેવા કિસ્સામાં આંતરિક મૂલ્યાંકનના આધારે ૧૦૦% ગુણાંકન કરવાનું રહેશે.

(b) જો કોઇ વિદ્યાર્થી પોતાના ગ્રેડમાં સુધારો કરવા માંગે તો તે આગામી સેમિસ્ટરમાં તે માટેની લેવાનાર વિશેષ પરીક્ષા આપી શકશે.

(c) ઇન્ટરમિડિએટ સેમિસ્ટર પરીક્ષાઓની આ જોગવાઇ COVID-19ની મહામારીના કારણે ઉદભવેલ પરિસ્થિતીને અનુલક્ષીને માત્ર ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ માટે જ કરવાની થાય છે.

(d) કોઇ વિષયમાં વિદ્યાર્થી અનુત્તિર્ણ થયેલ હોય તો પણ ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ માટે તે વિદ્યાર્થીને "Carry Forward " કરીને આગામી સેમીસ્ટરમાં બઢતી આપવાની રહેશે. જે વિષયમાં વિદ્યાર્થી અનુત્તિર્ણ થયેલ હોય કે ગેરહાજર રહેલ હોય તે વિષયમાં તે વિદ્યાર્થીએ જ્યારે પરીક્ષા લેવામાં આવે ત્યારે તે પરીક્ષા આપીને તેમાં ઉત્તીર્ણ થવાનું રહેશે.

(e) જો કોઇ વિદ્યાર્થી પોતાના ગ્રેડ સુધારવા માંગે તો તે વિદ્યાર્થીને વધારાની એક તક ઓકટોબર/નવેમ્બરમાં ખાસ પરીક્ષા યોજીને આપવામાં આવશે.

૪. માર્ક્સ જાહેર થયાના દસ દિવસમાં યુનિવર્સિટીએ વિદ્યાર્થી પાસેથી ખાસ પરીક્ષામાં તેઓ ભાગ લેવા માંગે છે કે કેમ તે અંગેનો વિકલ્પ Online Portal માં લેવાના રહેશે. આ બાબતે યુનિવર્સિટીએ Portal ની વ્યવસ્થા કરવાની રહેશે. આ તમામ પ્રકિયા યુનિવર્સિટીએ તા.૧૦.૦૬.૨૦૨૦ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.

## II ADMISSION PROCESS (પ્રવેશ પ્રકિયા)

૧. ACPC Admission સિવાયના તમામ અભ્યાસક્રમોની પ્રવેશ પ્રકિયા તા.૧૫.૦૬.૨૦૨૦થી શરૂ કરવાની રહેશે. પ્રવેશ માટે ઉપલબ્ધ કુલ Seats પૈકી ૯૦% Seats પર હાલમાં પ્રવેશ આપવામાં આવશે, જ્યારે બાકી રહેલી ૧૦% Seats માટે અલાયદી રીતે ઓગષ્ટ-૨૦૨૦ માં CBSE તથા અન્ય બોર્ડના પરિણામો જાહેર થયા બાદ પ્રવેશ પ્રકિયા કરવાની રહેશે. આ ૧૦% Seats માં તમામ બોર્ડના વિદ્યાર્થીઓની મેરીટ યાદી બનાવવાની રહેશે અને તેઓને આવરી લેવામાં આવશે.

૨. વિજ્ઞાન પ્રવાહના કોર્સિસમાં પ્રવેશ માટેના ફોર્મ આપવાની પ્રકિયા તા.૨૬.૦૫.૨૦૨૦થી યુનિવર્સિટીઓ દ્વારા Online કરવાની રહેશે.

૩. બન્ને તબક્કાના એડમિશનમાં Seats ની ફાળવણીમાં અનામતનો લાભ આપવામાં આવશે; જેમાં SC/ST/OBC ના વિદ્યાર્થીએ રજૂ કરેલ પ્રમાણપત્રને ધ્યાને લઇને પ્રોવિઝનલ એડમિશન આપવામાં આવશે. ત્યારબાદ પ્રથમ સેમિસ્ટર માટેની પરીક્ષાના Admit Card વિદ્યાર્થીને આપવામાં આવે તે પહેલાં જે પ્રમાણપત્ર રજૂ કરાયા હોય તે અંગેના અસલ દાખલાની ખરાઇ યુનિવર્સિટી/કોલેજે કરવાની રહેશે.

૪. EWS/Non Creamy Layer અંગેના દાખલા Online મળી શકે તે માટેની વ્યવસ્થા સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા ગોઠવવાની રહેશે અને Online દાખલાના આધારે યુનિવર્સિટીઓ દ્વારા પ્રોવિઝનલ એડમિશન આપવામાં આવશે, જેની ખરાઇ પછીથી Physical Document ના આધારે યુનિવર્સિટીએ કરવાની રહેશે.

III ACADEMIC SESSION (શૈક્ષણિક સત્ર)

૧. સેમેસ્ટર ૩, ૫ અને ૭ નું શૈક્ષણિક કાર્ય તા.૨૧.૦૬.૨૦૨૦થી શરૂ કરવામાં આવશે. શરૂઆતમાં શૈક્ષણિક કાર્ય Online પધ્ધતિથી કરવામાં આવશે. COVID-19 ની મહામારીની પરિસ્થિતિ નિયંત્રણમાં આવે અને સમગ્રપણે પરિસ્થિતિ અનુકૂળ જણાય ત્યારબાદ જ Physical Classes ચલાવવામાં આવશે. U.G/P.G ના સેમેસ્ટર ૧ ના શૈક્ષણિક સત્ર તા.૦૧.૦૮.૨૦૨૦ થી શરૂ કરવામાં આવશે.

૨. ACPC કોર્સિસમાં સમાવાયેલ અભ્યાસક્રમો માટે તા.૩૦.૦૭.૨૦૨૦ના રોજ GUJCET લેવામાં આવશે તેને ધ્યાને લઇને પ્રવેશ માટેનું કેલેન્ડર ગોઠવવામાં આવશે.

૩. COVID-19 દરમ્યાન પરીક્ષાઓ અને શૈક્ષણિક પ્રવૃત્તિઓને લગતી વિદ્યાર્થીઓની ફરિયાદો/મુંઝવણોના નિવારણ માટે જરૂરી સહાય પુરી પાડવા માટે દરેક યુનિવર્સિટીએ એક અલાયદા 'સેલ'ની રચના કરવાની રહેશે અને તે 'સેલ' અંગે બહોળી પ્રસિધ્ધિ કરીને વિદ્યાર્થીઓને અસરકારક રીતે જાણકારી આપવાની રહેશે.s

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

રોનક મહેતા

( રોનક મહેતા )
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન. ગાંધીનગર
- નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી, કર્મયોગી ભવન, ગાંધીનગર
- વાઇસ ચાન્સેલરશ્રીઓ, તમામ સરકારી યુનિવર્સિટીઓ.
- તમામ સરકારી/બિનસરકારી અનુદાનિત/ખાનગી કોલેજો(ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી મારફત)
- સીલેક્ટ ફાઇલ

COVID-19 ની મહામારીને અનુલક્ષીને રાજયની કોલેજ/યુનિવર્સિટી માટેની પરીક્ષાઓનું આયોજન કરવા, આગામી શૈક્ષણિક વર્ષની પ્રવેશ પ્રકિયા અને શૈક્ષણિક કાર્ય શરૂ કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંકઃ કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૬/૦૫/૨૦૨૦

વંચાણે લીધો:- વિભાગનો તા.૨૪.૦૫.૨૦૨૦નો સમાનાંકી ઠરાવ

**સુધારા ઠરાવ:**

COVID-19 ની મહામારીને ધ્યાનમાં લઇને ગુજરાત રાજયની કોલેજ/યુનિવર્સિટી માટેની પરીક્ષાઓનું આયોજન કરવા અને આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ની પ્રવેશ પ્રકિયા તથા શૈક્ષણિક કાર્ય શરૂ કરવા બાબતે વંચાણે લીધેલ ઠરાવથી સુચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી જેમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

**I EXAMINATION (પરીક્ષા)**

૧. મુદ્દા નં ૨ માં "રાખવાનો રહેશે" ના બદલે "રાખી શકાશે" તેમ વાંચવું.

૨. મુદ્દા નં 3 માં "તે સંજોગોમાં ઇન્ટરમિડિએટ સેમિસ્ટર ૨,૪,૬" ના બદલે " તેથી ઇન્ટરમિડિએટ સેમિસ્ટર ૨,૪,૬ ( જ્યારે ૬ઠ્ઠુ સેમિસ્ટર ઇન્ટરમિડિએટ હોય ત્યારે)" તેમ વાંચવું અને તમામ સરકારી યુનિવર્સિટીઓએ આવી રીતે Merit Based Progression scheme પ્રમાણે અમલ કરી, વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન તા.૧૦મી જૂન ૨૦૨૦ સુધી પૂર્ણ કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

( રોનક મહેતા )
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર